મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન


# શહેરમાં વૈવિધ્યપૂર્ણ માસ્ક ઉપલબ્ધ

## હેલ્મેટની જેમ હવે માસ્ક પણ ફરજીયાત છે ત્યારે નગરજનોને પોતાના મનપસંદીત માસ્ક પહેરવાની ઉત્સુકતા

ગાંધીનગર, તા.૨૪

કોરોનાના કપરા સમય વચ્ચે રહેવા માટે અને રોજબરોજ સંક્રમણથી બચવા માટે સરકાર દ્વારા ફેસ માસ્કને ફરજીયાત કરવામાં આવ્યા છે. જેમ વાહન ચલાવતી વખતે હેલ્મેટ જરુરી છે તેમ હાલ ઘરની બહાર નીકળતા જ માસ્ક પહેરવું જરુરી છે અને માસ્ક ન પહેરનાર નગરજનો પાસેથી દંડ પણ વસુલવામાં આવી રહ્યો છે ત્યારે પહેલા જેમ એન ૯૫ માસ્કની ડિમાન્ડ હતી અને તમામને આ જ માસ્ક લેવા હતા પણ મોંઘા લાગતા હતા ત્યારે હાલના દિવસોમાં કોટન માસ્ક ટ્રેન્ડમાં છે. લોકડાઉનનો સમય પસાર થતા અને ધીમે ધીમે કોરોના વિશે જાણકાર થતા નગરજનોને સમજાઈ ગયું છે કે એન-૯૫ માસ્ક મેડીકલ ક્ષેત્રે જોડાયેલ તમામ માટે વધુ જરુરી છે કારણ કે ત્યાં કોરોના સંક્રમિત દર્દીના ડાયરેકટ સંપર્કમાં આવવાનું હોય છે જયારે સામાન્ય જનતા કોટનના ફેસ માસ્કનો ઉપયોગ કરે તો પણ તેઓ સુરક્ષિત છે.

નગરજનો જેમ હેલ્મેટ પહેરવાની આદતને અનપાવી રહ્યા હતા તેમ હાલ માસ્ક પહેરવાની આદતને અમલમાં મુકી રહ્યા છે અને તે પણ કાંઈક અલગ રીતે જ. હા, હાલના દિવસોમાં કોરોનાના સંક્રમણથી બચવા માસ્કને પહેરવું દરેક માટે ફરજીયાત કરવામાં આવ્યું છે. આ બાબતમાં હકારાત્મકતા અપનાવીને નગરજનો માસ્કની ખરીદી કરી રહ્યા છે અને નગરમાં ભાતભાતના અલગ અલગ ડિઝાઈન વાળા કોટનના માસ્કનું વેચાણ થઈ રહ્યું છે. ઉપરાંત ઓનલઈન માસ્ક પણ હાલ ચલણમાં છે. ફેબ ઈન્ડિયા, બેવકૂફ, એથનિક જેવી ઘણી બધી કલોથીંગ બ્રાન્ડ દ્વારા પણ માસ્કનું પ્રોડકશન કરવામાં આવ્યું છે. સાથે કપડાના કલરનું મેચિંગ માસ્ક પણ હાલ ખાસ ચલણમાં છે અને વાઈલ્ડકાફટના માસ્ક યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે ત્યારે બાળકોથી લઈ મોટા તમામ માટે અલગ અલગ જાતના માસ્ક હાલ ચલણમાં છે. જેમાં બાળકો માટે કાર્ટુન, ફલાવર પ્રીન્ટ, મોટાઓ માટે બાટીક, બીંદી સ્ટાઈલ, પ્લેઈન, કલરીંગ ડ્રેસના મેચિંગ સાથે અનેક પ્રકારના માસ્ક ચલણમાં છે. ઉપરાંત ખાસ માસ્ક પહેર્યુ હોય અને પાણી પી શકાય તેવી વ્યવસ્થા ધરાવતું માસ્ક તથા શીલ્ડ માસ્કની પણ ખરીદી નગરજનો કરી રહ્યા છે. કંપની લોગો ધરાવતી તથા અલગ અલગ પ્રકારના સ્લોગન લખેલા માસ્ક હાલ ટ્રેન્ડમાં છે. દોરીવાળા માસ્ક કરતા ઈલાસ્ટીક જોડેલા માસ્કની ડિમાન્ડ વધુ છે.



લોકડાઉનથી લઈ આજના દિવસ સુધી સોશિયલ મિડીયામાં પણ હોમ-મેડ માસ્કનો કન્સેપ્ટ વધુ ચાલી રહ્યો છે. તમામ કોટનના માસ્કની કિંમત ૧૫ રૂપિયાથી લઈ ૧૦૦ રૂપિયા સુધીની છે. તેમાં જેમ કલર ડિઝાઈન કરાવવામાં આવે તેમ ભાવમાં વધારો-ઘટાડો થતો રહે છે.

હવેના દિવસોમાં તો લગ્ન કરતા વરરાજા અને કન્યાને પણ માસ્ક પહેરીને લગ્ન કરવા માટે ફરજ પડી છે ત્યારે વેડીંગ કલોથ ડિઝાઈનર દ્વારા પણ ડ્રેસને મેચીંગ સુંદર મજાના એમ્બ્રોઈડરી વાળા માસ્ક બનવવામાં આવી રહ્યા છે જે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

નગરના યુથનું તથા વર્કીંગ પ્રોફેશનલ્સનું કહેવુ છે કે બજારમાં ઓનલાઈન માસ્કના એટલા વિકલ્પ અવેલેબલ છે કે એન-૯૫ માસ્ક લેવાની જરૂર નથી લાગતી અને આમ પણ આ માસ્ક પહેરવાથી શ્વાસ રુંધાઈ જતો હોય તેવું લાગે છે અને ગરમી સહન થતી નથી. એના કરતા કોટનના માસ્ક વધુ અફોર્ડેબલ અને સરળ છે. સાથે વારંવાર ધોઈને વાપરી પણ શકાય છે અને અલગ અલગ ડિઝાઈનના માસ્ક પહેરવાની હવે મજા પણ આવે છે. હવે, અલગ વેરાયટીવાળા માસ્ક પહેરવાની આદત પડી ગઈ છે અને જેને કારણે કોરોના સંક્રમણથી આપોઆપ બચી શકાય છે.

આમ, નગરજનોએ માસ્ક પહેરવાની વાતને પોતાના ટેસ્ટ અને શોખ સાથે જોડી દેતા માસ્ક પહેરવું તેમને સરળ લાગી રહ્યું છે. અને આમ પણ આજે હાથરૂમાલથી પણ માસ્ક સસ્તા મળી રહ્યા છે અને આ સમમયાં ઘરેથી હાથરૂમાલ ભૂલી જવાય તો ચાલે પણ માસ્ક વગર ઘરેથી નીકળવું મુશ્કેલ બન્યું છે. અને માસ્ક ન પહેરવાનો દંડ ભરવાથી સારું છે કે પોતાનો મનગમતી ડિઝાઈનનું માસ્ક પહેરીને જ ઘરેથી નીકળવું!!!

# સરકારી નોકરીની લાલચ આપી છેતરપિંડી આચરનાર દંપતિ ઝડપાયું



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા એક આધેડના દિકરા અને દિકરીઓને સરકારી નોકરીની લાલચ આપી રૂ.૧ કરોડથી વધુની છેતરપિંડી આચરનાર નાસતા ફરતા દંપતિને સેકટર-૨૧ પોલીસે મહેસાણા જિલ્લામાંથી પકડી પાડ્યા છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૬ કિસાનનગર ખાતે રહેતા કિશોરભાઈ હરજીવનભાઈ પ્રજાપતિ લેબર કોન્ટ્રાકટરનો વ્યવસાય કરે છે.આરોપી મહિલા રીન્કુ ઉર્ફે આરતી તેમજ તેનો પતિ ભરત સોમાભાઈ પટેલ ફરીયાદીની દિકરી સાથે નોકરી કરતા હતા. જેથી ઓળખાણ થતા ભરત પટેલે કિશોરભાઈના સંતાનોને સરકારી નોકરી અપાવવાની વાત કરી હતી. પોતાની વાતોમાં આવી જતા આરોપીએ એપ્રિલ-૨૦૧૫ થી ઓકટોબર-૨૦૧૬ સુધીના સમગગાળામાં ટુકડે-ટુકડે રૂ.૧,૦૫,૫૬,૬૧૭ રૂપીયા પડાવ્યા હતા. બનાવ અંગે ઘણા વર્ષ બાદ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. જેને પગલે પીએસઆઈ એ.જે.શાહ તપાસ હાથ ધરીને દંપતિને મહેસાણા જિલ્લાના વડનગર ખાતેથી પકડી પાડ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દંપતિએ અન્ય નાગરીકો સાથે પણ છેતરપિંડી કરી હોવાનું ધ્યાને આવ્યું છે.

# કલોલમાંથી જુગાર રમતા ૧૧ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૨૪

કલોલ શહેરમાં ચાલતા જુગારધામ પર ગાંધીનગર એલસીબી-૨ એ દરોડો પાડીને જુગાર રમી રહેલા ૧૧ શકુનીઓને ઝડપી પાડ્યા છે. જયારે જુગારધામ ચલાવતા ૪ શખ્સો પલાયન થઈ ગયા છે. પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ કલોલ શહેરમાં આવેલા નાની મલેકવાસ ખાતે રહેતા ઈકબાલ અહેમદભાઈ મલેક, મુનીલ પઠાણ, ઈલિયાસ જાફર પરમાર, રફીક રસુલભાઈ મલેક જુગારધામ ચલાવતા હોવાની બાતમી પોલીસને મળી હતી. જેને પગલે એલસીબી-૨ એ દરોડો પાડીને પ્લાસ્ટીક કોઈન થી જુગાર રમતા ૧૧ શકુની પકડાયા હતા. પકડાયેલા શકુનીઓમાં ઈમરાન અહેમદભાઈ મલેક, સંદિપ કનુભાઈ ધોબી, દિનેશ પશાભાઈ પટેલ, અલ્પેશ પ્રહલાદભાઈ નાયી, દિનેશ ગણપતભાઈ મકવાણા, જયેશ કાંતિભાઈ પરમાર, સાબિર અહેમદભાઈ ચૌહાણ, પ્રહલાદજી ગાભાજી ઠાકોર, મહેન્દ્ર રતિલાલ પંડ્યા, પરદેશી રાજુભાઈ વર્મા, અને પ્રિતેશ મહેન્દ્રભાઈ નાયકનો સમાવેશ થાય છે.

પોલીસે પકડાયેલા શકુનીઓ પાસેથી રોકડ રૂ.૧૨,૬૯૦, ૮ મોબાઈલ કિં.૧૯,૫૦૦ તેમજ પ્લાસ્ટીકના કોઈન, પાંચ વાહન કિં. ૬૫ હજાર મળી કુલ રૂ.૯૭,૧૯૦નો મુદ્દમાલ કબ્જે કરી પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



**જીટીયુ ખાતેથી એનએસયુઆઈના કાર્યકરોની અટકાયત :** જીટીયુની પરીક્ષા રદ મામલે મંગળવારના રોજ સવારે એનએસયુઆઈ કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. જેને પગલે ચાંદખેડા પોલીસ દ્વારા ૩૦થી વધુ એનએસયુઆઈના કાર્યકરોને ડીટેઈન કરવામાં આવ્યા હતા.

# છાલા પાસે ડમ્પર-મીની ટેમ્પા વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ



ગાંધીનગર, તા.૨૪

છાલા પાસે ડમ્પર અને મીની ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરની ટક્કરે મીની ટેમ્પો પલટી જતા ચાલકનું ગંભીર ઈજાને પગલે મૃત્યુ નિપજયું હતું. ટેમ્પો ટાઈલ્સ ભરીને હિંમતનગર તરફ જઈ રહ્યો હતો ત્યારે સાંજના સુમારે અકસ્માત નડ્યો હતો. ટ્રેકટર અને સ્થાનિક નાગરીકોની મદદથી મીની ટમ્પો સીધો કરીને ચાલકને બહાર નીકાળવામાં આવ્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ડમ્પર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ડમ્પરની અડફેટે મીની ટેમ્પો પલટી જતા ચાલકનું સ્થળ પર જ મૃત્યુ નિપજયુ છે. પ્રાંતિજ તાલુકના સોનાસણ ગામના યુવક મેહુલસિંહ બાદરસિંહ મકવાણા પોતાના માલવાહક મીની ટેમ્પોમાં ટાઈલ્સ ભરીને ગોતાથી હિંમતનગર તરફ જઈ રહ્યા હતા. તે સમયે ગામનો રાકેશસિંહ સુરેશસિંહ મકવાણા સાથે હતો. મંગળવારના રોજ સાંજના સુમારે છાલા પાસે ડમ્પરે મીની ટેમ્પોને પાછળથી ટક્કર મારી હતી. જેમાં મીની ટેમ્પો પલટી ખાઈ જતા ટ્રોલીના ભાગે બેઠેલો રાકેશ નીચે ફેંકાઈ ગયો હતો. જેથી તેનો અકસ્માતમાં આબાદ બચાવ થયો હતો. જયારે ચાલક મેહુલસિંહ ગાડી નીચે દબાઈ ગયો હતો. બનાવને પગલે આસપાસમાંથી દોડી આવેલા સ્થાનીક નાગરીકો તેમજ અન્ય વાહનચાલકોએ ટ્રેકટરની મદદથી ઉધો થઈ ગયેલો મીની ટેમ્પો સીધો કર્યો હતો. ટેમ્પામાંથી મેહુલસિંહને ગંભીર રીતે બહાર નીકાળયા હતા. જયારે ૧૦૮ ના ડોકટરે મેહુલસિંહને તપાસીને મૃત જાહેર કર્યા હતા. જેને પગલે રાકેશસિંહે ચિલોડા પોલીસ મથકે જી.જે.૦૯.એ.વી.-૫૦૦૬ નંબરના ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

### ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રસિંહ અસરસિંહ વાઘેલા, ઉ.વ. ૫૫, મુ. પેથાપુર
- સ્વ. ઠાકોર પ્રહલાદજી જેસંગજી, ઉ.વ. ૬૦, મુ. પેથાપુર

# અકળાવનારા ઉકળાટથી ત્રસ્ત નાગરિકોની આકાશ ભણી મીટ

## છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં ગરમી અને ભેજનું પ્રમાણ જળવાઈ રહેતા અસહ્ય બફારાની સ્થિતિ : વરસાદ હાથ તાળી દઈ ગયા પછી આકાશમાં વાદળોની પણ ચલકચલાણી

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં એકવાર વરસાદી ઝાપટું પડયા પછી થોડા દિવસ એવો માહોલ સર્જાયેલો રહ્યો હતો કે જાણે ચોમાસું વિધિવત રીતે બેસી ગયું છે. પરંતુ શહેરીજનોની આ આશા ઠગારી નીવડી છે અને વરસાદે હાથતાળી આપ્યા પછી અત્યારે શહેરમાં ઉકળાટ અને બફારાનો એવો માહોલ સર્જાયો છે કે નાગરિકો પરસેવ રેબઝેબ થઈ રહ્યા છે અને નજર સીધી આકાશ ભણી માંડી જાણે પુછી રહ્યા છે કે વરસાદ કયારે આવશે? આજે પણ શહેરમાં મહત્તમ ગરમી ૩૭.૪ ડિગ્રી સે. નોંધાઈ હતી જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૮૦ ટકા સુધી પહોંચ્યું છે.



શહેરમાં છેલ્લા વીસેક દિવસથી આકાશમાં વાદળો ગોરંભાય છે પરંતુ ચોમાસુ કહી શકાય તેવો વરસાદ વરસે તેવી કોઈ સ્થિતિ સર્જાતી નથી. 'નિસર્ગ' વાવોઝોડાના સમયે વાતાવરણમાં થયેલા પરિવર્તન સાથે જે વરસાદ વરસ્યો હતો તે સમયે બે ત્રણ દિવસ સુધી તો આકાશ ઘનઘોર વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું અને વિજળીના ચમકારા પણ અનુભવાયા હતા ત્યારે વરસાદી માહોલ જામી જશે તેવી શહેરીજનોને આશા પણ બંધાઈ હતી. આ પછી છેલ્લા બે ત્રણ દિવસમાં તો શહેરના આકાશમાં છુટાછવાયા વાદળો જોવા મળે છે અને તડકો પણ સારી રીતે નીકળે છે. વાદળોની હાજરીના લીધે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઉંચું રહે છે અને તેમાં તડકો નીકળતા બફારાની સ્થિતિ સર્જાય છે. ઉકળાટ સાથે હવા ભારે થઈ ગઈ હોય તેવું અનુભવાય છે જેના કારણે સતત માસ્ક પહેરી રાખવો પણ ત્રાસદાયક બની રહ્યો છે.

છેલ્લા એક સપ્તાહથી શહેરના વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૭૬ થી ૮૦ ટકા જેટલું જળવાઈ રહ્યું છે જયારે સાંજ સુધીમાં ઘટીને પણ ૪૯ થી ૫૪ ટકા સુધી જળવાઈ રહે છે. આમ ભેજનું પ્રમાણ હવામાં વધુ રહેવાથી હવા ભારે થઈ હોવાનો અહેસાસ થાય છે અને તે સાથે પવનની ગેરહાજરી પણ વર્તાતી હોવાથી શ્વાસની તકલીફવાળા નાગરિકો માટે આ સમય ખૂબ આકરો સાબિત થઈ રહ્યો છે. ગરમીનો પારો પણ છેલ્લા સપ્તાહથી મહત્તમ ૩૬.૫ થી ૩૭.૮ ની રેન્જમાં જયારે લઘુત્તમ તાપમાન ૨૭.૫ થી ૨૯ ડિગ્રી સે. સુધી રહેવા પામે છે જેના કારણે ભેજ અને ગરમીનું મિશ્રણ થતા બફારાની સ્થિતિ સર્જાઈ રહી છે. આ સ્થિતિમાં શહેરીજનોને એસી-કે પંખા વગર રહેવું ખૂબ જ આકરું બની રહે છે. વાવોલ-કુડાસણ-સરગાસણ જેવા વિસ્તારમાં વિજળી ગુલ થવાની સમસ્યા હજુ પણ યથાવત હોવાથી તેવા સમયે નાગરિકો ત્રાહિમામ પોકારી જાય છે. આ સ્થિતમાં નાગરિકો હવે ઝડપથી વરસાદ આવે તેવું ઝંખી રહ્યા છે અને તે માટે આકાશભણી મીટ માંડી રહ્યા છે.

### મેહુલો વરસે તો 'હાશકારો' થાય..!!

ગુજરાતના સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ક્ષેત્રના દરિયાકાંઠા નજીકના વિસ્તારમાં વરસાદનું આગમન થઈ ગયું છે જેના કારણે આ સપ્તાહના અંત સુધીમાં ગાંધીનગરમાં પણ વરસાદનું આગમન થઈ જશે તેવા વર્તારા મળી રહ્યા છે. સતત ગરમી સાથે ઉકળાટ અને બપોરના માહોલમાં પરસેવે રેબઝેબ થતા નાગરિકો અળઈ સહિતની ચામડીની તકલીફો પણ અનુભવી રહ્યા છે. આ સ્થિતિમાં વરસાદી રમઝટ જામે અને વાતાવરણમાં ઠંડક પ્રસરે તો તેમાંથી છુટકારો મળે તેમ જણાય છે.